જે માગ્યું, તે હું કમાયો છું.

શ્રી રણછોડરાયની
સાત સમાની ઝાંખી.

(કવ્વાલી—ગઝલ)

મીઠી પ્યાલી કવ્વાલીની, અમોને આજ પીવા દ્યો,
ગઝલ રણછોડની ખંતે, અમોને આજ ગાવા દ્યો.
કદી કો માન આપે શું, કદી નિંદા કરે તો શું,
કરૂ ના કોઈની પરવા, નક્કી રણછોડને ભજવા.

પ્રયોજક-કેશવલાલ વિ. ત્રિભોવનદાસ ઓઝા.

પ્રકાશક-કેશવલાલ વિ. ત્રિભોવનદાસ ઓઝા.
કુંડલાકર (કાઠીયાવાડ)

આવૃત્તિ ૧ લી—પ્રત—૨૦૦૦.

સંવત્ ૧૯૭૧.—સને ૧૯૧૫

અમદાવાદ
ધી 'ડાયમંડ જ્યુબિલિ' પ્રિન્ટિંગ પ્રેસમાં
પરીખ દેવીદાસ છગનલાલે છાપી


મૂલ્ય અમૂલ્ય.

જે ભક્તિ કરી, તે મારી

જે વાપર્યું, તે મેં ખોયું

જે દાન કર્યું, તે મારી પાસે છે

ॐ श्री [illegible]रायाय नमः



સાત સમય.

(કવ્વાલી—ગઝલ)

પ્રભાતે મંગળા થાયે, પછી શૃંગાર તો આયે;
પછીથી ગ્વાલ તો થાયે, પ્રભુ ગૌ ધેનુમાં જાયે.
ધર્યા છે રાજભોગોને, પ્રભુ પ્રેમે આરોગોને;
બજાવું તાલ નાદોને, પ્રભુજી આપ પોઢોને.
થઈ સંધ્યા સમય જ્યારે, ઉત્થાપન થાય છે ત્યારે;
પછીથી શયનના થાયે, શ્રીશાખડીભોગ તો આયે.
હૃદયમાં પ્રીતિ તો રાખી, કરો સાતે સમય ઝાંખી;
અમારાં કષ્ટ સૌ કાપી, પ્રભુ કેશવ શરણુ આપી.

ॐ

॥ श्री तत्सत् परमात्मने नमः ॥

॥ श्री गणेशाय नमः ॥ ॥ श्री शारदाये नमः ॥

मंगल पुष्पांजली.

(કવ્વાલી—ગઝલ)

નમું હું ગુનૂપતી દાતા, મયા કર શારદા માતા;
ગુણો સહુ આપના ગાતા, થયા છો જગત વિખ્યાતા.
મુશકપર ગુનપતી સ્વારી, મયુરપર શારદા સારી;
વળી છે અષ્ટધા નારી, કુંવારી છે વિણા ધારી.
પ્રથમ શુભ કાર્યમાં પહેલા, ગજાનન આવશે વહેલા;
સિંદુર અબીલ ગુલાલા, પુજાયે ખુબ દુંદાળા.
જગત્માં રૂમ ઝુમ કરતી, વળી વીણા લઈ ફરતી;
દરિદ્રો દુઃખ તું હરતી, ઘણાનો મોક્ષ તું કરતી.
ગજાનન સર્વે પુજાયે, ગુણો સહુ ખંતથી ગાયે;
અમારા કાર્યમાં નિત્યે, ગણેશા વિઘ્ન તું હરજે.
કૃપા કર શારદા દેવી, કરૂં છું અર્જ હું એવી;
સદા કેશવ હૃદયમાંહી, વસો માતુ દયા લાવી.

માયાની બીછાવેલ જાળમાંથી બચવા.

(કવ્વાલી—ગઝલ)

ભરેલા કૂપમાં રેંટો, ભરાતા નેજ ઠલવાતા;
જગતના કૂપમાં તેમજ, મરાતા નેજ જન્માતા ભરેલા.
બીછાવેલ જાળમાં ભટકી, બહુ જીવો ભમાયે છે,
પ્રભુ ભક્તિ તણા નાવે, મહાસાગર તરાયે છે. ભરેલા
વળી સીત્તેર વર્ષોથી, બોડાણો દ્વારીકા જાયે;
કરી શુદ્ધ દીલથી ભક્તિ, હરી ડાકોરમાં લાવે. ભરેલા
ગુગળીઓ બહુ થયા પાછળ, મહા હલ્લો કરી આવે;
પ્રભુ શ્રી ભક્ત વશ થયા જે, કદાપી આચ ના લાવે. ભરેલા
ગુગળીએ વીનતી કીધી, સુવર્ણ દે પ્રભુ તોલી,
સતી ગંગા તણી વાલી, થયા તે ભાર વનમાલી ભરેલા.
થયા તુલસી બરોબર તો, ગયા નીરાશ થઇ વીપ્રો;
પ્રભુની સ્થાપના કીધી, દુઃખો રણછોડજી કાપો. ભરેલા.
નક્કી આજે નક્કી કાલે, નક્કી કાળે નક્કી કલ્પે,
જગતનો કાળ આ ચક્કી, પીસે સંસારની સ્વલ્પે. ભરેલા.
વળી દાણારૂપી ઓરે, સહુ પ્રાણી પીસાયે છે,
પ્રભુ ભક્તિ તણા ખીલે, અચળ સુખ તો પમાયે છે. ભરેલા.
ત્યજો નિદ્રા સજો મનને, સહુ ધર્મી બનો જાગો;
નીરંતર ઇશને ભજતા, પ્રભુ ભક્તિ તમે માગો. ભરેલા.
ફસ્યા જો કાળની જાળે, કુકૃત્યોથી ભમાયે છે;
પ્રભુ કેશવ તણા નાવે, મહાસાગર તરાયે છે. ભરેલા.

મંગળા.

(કવ્વાલી—ગઝલ)

પ્રભાતે આપ તો જાગો, મિઠી નિંદ્રા પ્રભુ ત્યાગો;
કરે પક્ષી મધુર રાગો, ઉતારૂં પાઘને વાઘો.
કરાવું દત ધાવનને, ધરાવું ભોગનો લાડુ;
પછીથી શુદ્ધ લઈ વારી, કરૂં હું સ્નાન તૈયારી.
ધરીને દીલ્હમાં પ્રિતી, ભણીને વેદની રીતી;
લઇ પંચામૃતો સારા, ચડાવુ આપને પ્યારા.
સુગંધી કેશરી ચંદન્ન, કરૂં હું આપને મર્દન્ન;
લઇને ગંગ જળ સારૂં, પ્રભુ પ્રેમેજ ન્હવડાવું.
પ્રભુજી વસ્ત્ર બદલાવ્યું, પીતાંબીર પીત પ્હેરાવ્યું;
ધરાવ્યો પાઘ ને જામો, સદા દિલ્હ માહ્ય વીરામો
ધરાવી પુષ્પની શહેરૂં, તિલ્હક કુકુમનુ કરીયું;
ખભે ઉપવીત તો ધરીયું, પગે સુવર્ણ ઝાઝરીયું.
મુખાકૃત છે સદા હસ્તી, ચડાવુ પુષ્પ ને તુલસી;
ગુલાલો ખંતથી નાખી, સુગંધી અત્તરો છાંટી.
મધુરી શ્યામ છે મૂરતિ, કરૂં કેશવ પ્રભુ સ્તુતિ,
મણીસમ કન્કની જ્યોતિ, કરૂં શ્રી મંગળાઆરતિ.

(આરતી.)

જય જય જગ ત્રાતા, પ્રભુ જય જય જગ ત્રાતા;
વિશ્વ વિષે વીખ્યાતા, ગુણ તારા ગાતા.—જયદેવ જયદેવ.
સુંદીર શ્યામ સ્વરૂપ, ચાર ભુજા ધારી.—પ્રભુ ચાર૦
શંખ ચક્ર ધ્રી હસ્તે, પદ્મ ગદા ધારી.—જયદેવ જયદેવ.

પ્હેર્યું પિતાંબીર પીત, મયૂર મુગટ ધરીયો.—પ્રભુ મયૂર૦
રત્ન કનકના કુંડળ, પગમાં ઝાંઝરીયો.—જયદેવ જયદેવ.
કંઠે મુક્તા હાર, રત્નજડીત્ર સારા.—પ્રભુ રત્ન૦
વેઢ વિંટી બાજૂબંધ, હસ્ત વિષે પ્હેર્યા.—જયદેવ જયદેવ.
કુમકુમ તીલક ભાલ, પુષ્પ તણી માળા.—પ્રભુ પુષ્પ૦
જરકશી ઝામો શોભે, શ્યામ્ સુંદીર કાળા.—જયદેવ જયદેવ.
અકળકળા ન કળાય, અકળીત તુજ માયા —પ્રભુ અક૦
તૃષ્ણા માંહિ તણાયા, જાણી નહિ માયા.—જયદેવ જયદેવ.
ડાકોરનાથ વિભૂ, ગુણ અગણિત તારા.—પ્રભુ ગુણ૦
આ ભવના સહુ પાપો, નષ્ટ કરે મારાં.—જયદેવ જયદેવ
રણછોડરાયની આરતિ, જે ભાવે ગાશે.—પ્રભુ જે૦
કેશવનાથ પ્રભુને શરણે તે જાશે, મોક્ષપદી થાશે. જયદેવ જયદેવ.

શૃંગાર.

(કવ્વાલી—ગઝલ)

ધર્યા વસ્ત્રો અલંકારો, પ્રભુજી આપ શણગારો;
અધમને આપ ઉદ્ધારો, ખીલાવ્યો ઠાઠ તો તારો.
મણી માણેકનો ઝડીયો, મુગટ સુવર્ણનો ધરીયો;
ઘુઘરીયાળોજ કંદોરો, વળી મોતી તણો તોરો.
ધરી શીર પેચને કતરો, ધરી મોતી તણી શહેરો;
મણી મુક્તા તણા હારો, ઝરી ઝામો પ્રભુ ધાર્યો.

વિંટીઓ હસ્ત બાજુબંધ, કરણુ લટકાવીયાં કુંડળ;
પધારો શ્યામળા સુંદીર, સુધારો આ હ્રદય મંદીર.
ચીબુખ અલ્કાવલી બેસર, મુગટ તો કાચની ફૂક્કડ;
ધરાવું હેમનું છત્તર, ગુલાબી છાંટી દઉં અત્તર.
ધર્યા હસ્તે કડાં પ્હોંચી, મુખાકૃત છે સદા હસ્તી;
બજાવી મોહમય બઉંસી, હ્રદય મંદીરમાંજ વસી.
ગળામાં ગુલછડી ભારી, પ્રભુ છો લક્ષ્મી વીહારી;
વળી વેણુી તમે ધારી, ધરી છે ઠામણુી સારી.
મૂરતીયાં શ્યામ છે તારી, વળી છે ચોભુજા ભારી;
ચકર પદ્મ ગદા ધારી, જઉં કેશવ પ્રભુ વારી.

ગ્વાલ.

(કવ્વાલી—ગઝલ)

સુણી ગૌ ધેનના રાગો, પ્રભુ સૌ કાર્યને ત્યાગો;
ધર્યા છે ગ્વાલના ભોગો, પ્રભુ પ્રેમેજ આરોગો.
પધારો આપ ધેનુમાં, બજાવો સામ વેણુમાં;
સહુ ગોપી ગણો જન્નમાં, સીધાવો બીંદરાબીનમાં.
કરો શ્રી કૃષ્ણુજી લીલા, તુલાવી તેં ગિરિ શીલા;
રમાડયો સર્પ તો કાલી, રમ્યા છો રાસ વનમાળી.
સુણીને બઉંસરી તારી, ભૂલી સહુ ભાન વ્રજનારી;
લુંટાવી વાટ મહિયારી, કરી રાધાતણી યારી.
યશોદા નંદના લાલા, મહીડાં ચોરને વાલા;
વસુદે દેવકી પાળ્યાં, દુઃખીનાં દુઃખ સહુ ટાળ્યાં.

કર્યાં બહુ શૌર્યનાં કામો, વિદાર્યો કંસજી મામો;
ભગત દિલમાંજ વિરામો, કરો અમ્મર પ્રભુ નામો.
પ્રભુ ગૌ ધેનને ચારી, થઈ મધ્યાન તૈયારી;
પધારો નગ્ર ગિરિધારી, જઉ કેશવ બલિહારી.

રાજભોગ.

(કવ્વાલી—ગઝલ)

પ્રભુ ગૌ ધેનને ચારી, પધાર્યા આપ મુરારી;
ભર્યું ગંગા તણું વારી, કરાવું સ્નાન ગીરીધારી
ધરાવું શ્વેત પીતાંબર, ચડાવું પુષ્પ તુલસી દલ,
પ્હેરાવુ વસ્ત્ર આભૂષણ, વળી છે કર્ણમાં કુડળ.
બીછાવુ કનકનો બાજઠ, ધરૂ ચોતર્ફ અંતરપટ;
ધરાવું હેમની થાળી, ભરી શુદ્ધોદકે ઝારી
બનાવ્યું ચુરમું વ્હાલા, વડા બે શાક તો સારા;
અથાણા પાપડો તાજા, સુગંધી ભાત છે ઝાઝા.
ઘઉ ને ઘી તણી પોળી, બનાવી ખીચડી રૂડી;
વઘારી છે મસાલાથી, કઢી ને દાળ તો છુટી.
કર્યો દુધપાક ખંતેથી, પીરસીયો થાળ પ્રીતેથી;
દુઃખીના દુંખ સહુ કાપી, દયાળુ ભક્તિ દે આપી.
જગતના રાજના રાજા, જમો રણછોડજી રાજા;
મહારાજાય ધીરાજા, તમો ડાકોર બીરાજ્યા.
જમીને નંદના લાલા, બિડું તાંબુલ લ્યો વ્હાલા;
પછી પોઢો તમે રાયા, જપું કેશવ પ્રભુ માલા.

ઉત્થાપન.

(કવ્વાલી—ગઝલ.)

પ્રભુ નિંદ્રા તમે ત્યાગો, થયો સંધ્યા સમય જાગો;
ધરાવું પાદ્ય ને વાદ્યો, દુદંભી વાગીયા નાદો.
યશોદા નંદના લાલા, ચડાવું પુષ્પની માલા;
અકળ છે આપની લીલા, કનૈયા કૃષ્ણજી કાલા.
પ્રભુ પ્રહ્લાદ ઉગાર્યો, હીરણ્યાકશ્ય સંહાર્યો;
શિવે સ્ત્રી વેશ તો ધાર્યો, તમારો ક્રોધ ઉતાર્યો.
પ્રભુ જય કુંજવિહારી, પ્રભુ જય જય ગીરીધારી;
ગરૂડપર આપની સ્વારી, જઉં કેશવ પ્રભુ વારી.

શયન.

(કવ્વાલી—ગઝલ)

પ્રભુજી શયન શૈયાની, કરી છે સર્વ તૈયારી,
સુવર્ણ સર્વ ઉતારી, દઉ પુષ્પેજ શણગારી.
સુગંધી પુષ્પનો બનીયો, ધરાવુ આપને તનીયો;
મુગટ તો કાચની ધરીયો, વળી જામો ફુલે ભરીયો.
ધર્યો મલકાચ્છ ટીપારો, કલી ગુંથેલ કઠારો;
વળી શીરપેચ ને કતરો, કલી પુષ્પો તણી શહેરો,
ગુલાબી પુષ્પનો ભરીયો, કીરીટ મુગટ પ્રભુ ધરીયો;
ડુમાલો શ્વેત પીછોડો, ધરી છે ચંદ્રીકા તોરો.
કડાં પ્હોંચીજ બાજુબંધ, કરણ છે પુષ્પના કુંડળ;
ધરી પ્રભાવલી સુંદીર, કર્યા છે પુષ્પ આભૂષણ.

ચીબુખ ને નાકમાં બેસર, પગે ડોલરતણી ઝાંઝર;
કૃપાળુ શ્યામળા સુંદીર, મધુરી મૂર્તિયાં મનહર.
છડી શીષ ફૂલને વેણી, ધરી છે ડામણી ઝીણી;
ભરી પુષ્પોથકી મુરલી, રહી અલ્કાવલી ઝુલી.
ગુલાબી પુષ્પનું ભરીયું, શીરે તો ઓઢણું ધરીયું;
ભરી પુષ્પોતણી કલીયું, તિલક સુંદીર તો કરીયું.
સુગંધી પુષ્પની માલા, ધરો વનમાલી વનમાલા;
કનૈયા નદના લાલા, કરૂં કેશવ પ્રભુ કાલા.

શખડી ભોગ.

(કવ્વાલી—ગઝલ)

ભરી પુષ્પો થકી શૈયા, પલંગો હેમના ઢળીયા;
બીછાના મશ્રુના ભરીયા, ભરી ગાદી અને તકીયા.
સુગંધી પુષ્પ તો નાખ્યાં, ગુલાબી અત્તરો છાટયાં;
ધર્યા ભોગોજ શખડીના, પવિત્ર શુદ્ધ જળ ભરીયા.
જમીને તૃપ્ત થઈ રાયા, બીડુ તાંબુલ લ્યો વ્હાલા;
કર્યા છે પુષ્પના ઝુલા, પધારો કૃષ્ણજી કાળા.
ઉતારૂ વસ્ત્રાલંકારો, ધરાવુ ધોતી ચાદર તો;
સુગંધી પુષ્પના હારો, ચબેલી જુઇ ડોલર તો.
મણી માણેકની જડતર, સુવર્ણ ચાખડી ફ્ક્કડ;
દયાળુ શ્રી હરિ સુંદીર, પધારો ચાખડી ઉપર.
સુમોતીડે વધાવું હું, પ્રભુ ઝૂલે ઝુલાવું હું;
બલીહારી અહો જાઉ, ગુણો કેશવ પ્રભુ ગાઉં.

થાળ.

(આકાશે ઉગીયોરે શશીકર સોળ કળા—એ રાગ.)

મન્નથી મન્ન મોહન રે, જમાડું આજ હરી;
કરી રત્ન કનકની રે, પીરસું થાળ ભરી.
ઘહુંનેજ ચણાનો રે, લાડુ મેજ કર્યો;
મગદળ ને મેશુર રે, મોહન થાળ ધર્યો.
લાખણશા લાડુ રે, લચતા ઘીએ ભર્યા;
દળ ને મોતૈયા રે, દીલથી મેંજ કર્યા.
પ્રીતેથી પીરસી રે, છુટી લાપસીયું;
સૂતરફેણીને રે, ચુરમું સાકરીયું.
ઘારીપૂરીને રે, પૂરણપોળી ગળી;
ઘેવર ને સાટા રે, જલેબી ઘીએ તળી.
લીલા ને સૂકા રે, હલવા ને મેવા;
બીરંજ ને ખાજાં રે, મીઠા માલપુવા.
દુધપાક બનાવી રે, વળી શીખંડ કર્યો;
બાસુંદી પેડા રે, કરણશા પાક ધર્યો.
શીરો ને પૂરી રે, કચોરી તાજી કરી;
ભજીઆંના ભોજન્ન રે, બરફી સારી ઠરી.
વડીઓ ને પાપડ રે, કઠોળો સર્વ કર્યા;
તાજા ને લીલાં રે, જુદાં શાક તળ્યાં.
વઘારી છ દાળો રે, સુગંધી ભાત કર્યો;
કેશર કસ્તુરીરે, દૂધે પ્યાલો ભર્યો.
તીખાં તમતમતાં રે, ખમણ ઘણી જાત કર્યા;
ચટનીને અથાણાં રે, રાઇતાં મેંજ ધર્યા.

જળથી ભરી ઝારી રે, પ્રભુજી થાળ ધર્યો;
બીછાવું હું બાજઠ રે, કૃપાળુ કૃપાય કરો.
પકવાન જમીને રે, દયાળુ દુઃખ હરો,
કમળાપતી કેશવ રે, અમૃતપાન કરો.
લવીંગ સોપારી રે, મધુર ઇલાયચીનું;
મુખવાસ બનાવ્યું રે, પ્રભુ લ્યો પાન બીડું.
રણછોડજી 'રાયારે, મનથી થાળ ધર્યો;
માની લ્યો વ્હાલારે, કેશવ પાપ હરો.

ઝૂલો.

(બોલો મારા પ્રેમી પોપટજી બોલો બોલો—એ રાગ)

ઝૂલો મારા પ્યારા પ્રભૂજી ઝુલો ઝૂલો, ઝૂલો ઝુલો, દાસ ઝુલાવે;
ઝૂલો નંદલાલાજી ઝૂલો જરી ઝૂલો, ઝૂલો ઝુલો, દાસ ઝુલાવે.
પ્રભુ તારા દર્શનની લ્હે લાગી, લાગી લાગી, લલીત લ્હે લાગી;
જોડી હાથ નાથ સદા ભક્તિ માગી, માગી માગી, તુજ ભક્તિ માગી
પ્રીતે પીતાંબીર પીળુ ધરાવુ, સોને હીરા જડીત્ર મુગટ પ્હેનાવું;
કનક હિંચોળે હળુ હળુ હિચોળુ, ઝૂલો ઝૂલો દાસ ઝુલાવે
વેઢ વિંટી હેમ હાર હૈયે શોભાવુ, મોતી માણેકના કુંડળ લળકાવુ;
શંખ ચક્રને ગદા પદ્મ લ્યો ધારી, ધારી ધારી ચતુર્ભુજ ધારી.
અત્તર ગુલાબનુ છાંટું હુ સારૂં, વસ્ત્ર આભૂષણ અંગે શણગારૂં;
રણછોડજીરાય પ્રભુ કેશવ ઝૂલાવુ, ઝૂલો ઝૂલો દાસ ઝુલાવે.

ભકિત રસની પ્યાલી.

(કવ્વાલી—ગઝલ.)

મીઠી ભક્તિ તણી પ્યાલી, ખંતે હસ્તમાં ઝાલી;
કરે છે સ્હાય વનમાલી, જશે તે સ્વર્ગમાં ચાલી.
જગતના રાજના રાજા, ખમા રણછોડજી રાજા;
મહારાજાય ધિરાજા, તમો ડાકોર બીરાજ્યા.
જગતની જાળને ત્રોડી, પુરી શ્રી દ્વારીકા છોડી;
પધાર્યા આપ તો દોડી, નમું હ્રી હસ્તને જોડી.
મરતિયાં શ્યામ તો તારી, વળી છે ચોભુજા ભારી;
ચક્કર પદ્મ ગદા ધારી, પ્રભુજી જાઉ બલીહારી.
પીતાંબાર પીત તો પ્હેર્યું, તીલ્લક કુંકુમનુ કરીયું;
ખભે ઉપવિત તો ધરીયું, પગે સુવર્ણ ઝાંઝરીયું.
મણી માણેકનો ઝડીયો, મુકુટ સુવર્ણનો ધરીયો;
ઘુઘરીયાળોજ કંદોરો, ધર્યા વસ્ત્રો અલંકારો.
• સુગંધી પુષ્પની માલા, ધરાવી કૃષ્નજી કાલા;
યશોદા નંદના લાલા, ભગતઆધીન થયા વ્હાલા.
મણી મુક્તા તણા હારો, ઝરી ઝામો પ્રભુ ધાર્યો;
અધમને આપ ઉદ્ધારો, ખીલાવ્યો ઠાઠ તો તારો.
મુખાકૃત છે સદા હસ્તી, ચડાવું પુષ્પને તુલસી;
ધરી છે મોહમય બઉસી, હ્રદય મંદીરમાંજ વસી.
વિંટીઓ હસ્ત બાજુબંધ, કરણ લટકાવીયાં કુંડળ;

કૃપાળુ શ્યામળા સુંદીર, મધુરી મૂર્તિયાં મનહર.
સ્મર્યા ના ઈષ્ટને કાંઇ, બહુએ મીષ્ટ તો ખાઈ;
ન જાણ્યા જ્ઞાન કે ધર્મો, કર્યા છે નીચ તો કર્મો.
ભરી યુવાની છે વયમાં, વહે છે લોહી નસ નસમાં;
વિષયમાં અંધ તો બનીયા, ગુમાવી આ બધી દુનીયા.
ઘણા મસ્તાન થઈ મ્હાલ્યા, ઘણા અન્યાયથી ચાલ્યા;
સહુના નામ તો ટાળ્યા, ચીતાએ દેહને બાળ્યા.
કરી છે હેમની કાયા, પ્રભુના ગુણ ના ગાયા;
અરે આ કાળ તો આવ્યા, ઉખેડયા મૂળથી પાયા.
મહા માયા થકી મોહ્યા, અરે આ દીન તો ખોયા;
સગાંઓ સ્વારથી જોયા, મુઆ કેડે સહુ રોયા.
પતીતપાવન પ્રભુ પ્યારા, દરીદ્રો દુ:ખ હરનારા;
સુખો સંતોષ દેનારા, મનોરથ પૂર્ણ કરનારા.
પ્રભુ જય કુંજવિહારી, પ્રભુ જય જય ગીરીધારી;
ગરૂડપર આપની સ્વારી, વળી છો લક્ષ્મી વીહારી.
પ્રભુ જય જય શ્રી સચ્ચીદાનંદ, પ્રભુ જય જય શ્રી પરમાનંદ;
પ્રભુ જય જય મુકુંદાનંદ, જગતના ટાળજો સહુ ફંદ.
બહુ થયાં દીનનાં પાપો, પ્રભુજી કષ્ટ તો કાપો:
હમારાં દીલમા સ્થાપો, દયાળુ ભક્તિ તો આપો.
વસુદે દેવકી લાલા, કરૂં કેશવ પ્રભુ કાલા;
નમું રણછોડજીરાયા, જપું એ નામની માલા.

ડાકોરનાથની બલીહારી.

(લાવણી)

ભલી ભૂમિ ગુજરાત વિષે આ, શોભા બની છે બહુ સારી;
સુંદીર મૂરતિ શોભી રહી છે, ડાકોરનાથની બલીહારી.
ડાકોરમાં ઠાકોર બીરાજે, ગોમતી ઘાટ ભર્યુ વારી;
દેશ દેશથી સહુ જન્ન આવે, મંદીરની રચના ભારી.
સુંદીર શ્યામ સ્વરૂપ અનુપમ, શ્રીધર ચાર ભુજા ધારી;
પીત પીતાંબીર મુગટ સુંદીર, શંખ ચક્ર ગદાધારી.
ભક્ત સતી ગંગા વિજયનું, નામ તમે અમ્મર કરીયું;
તિલક ભાલ કુંકુમનું કરીયું, પગમા સોહે ઝાંઝરીયું.
હસ્ત વિષે બાજુબંધ પહેર્યા, કુંડળ કર્ણે લટકાવ્યાં;
ભક્તતણા પ્રતિપાલનહારા, શ્રી રણછોડ પ્રભુ ભાવ્યાં.
મોતી માણેક નીલમ હીરા, મુક્તાહાર પ્રભુ પહેર્યો;
કડ ઘુઘરીયાળો કંદોરો, જામો ઝળકે બહુ સારો.
વિધવિધ પુષ્પ વળી તુલસીદળ, ગુલાબ ડોલરની માળા;
અત્તર તેલ લગાવ્યું વ્હાલા, નટવર નંદતણા લાલા.
એકાદશી દર શુકરવારે, ચડે આપની ગજ સ્વારી;
દર પુનમ મેળોજ ભરાયે, દરશન આપે નરનારી.
સાત સમાની ઝાંખી થાયે, દુઃખ દારીદ્રો દુર થાયે;
મૂર્ત્તિ મારૂં મન લોભાવે, ગુણ ગણતાં નવ અંત આવે.
અરજી મારી ઉર ધરોને, પાપ હમારા માફ કરો;
ષટ શત્રુ વ્હાલા સંહારો, આ ભવમાથી ઉગારો.
કેશવ કહે છે તક ચુકો નહિ, દરશન લાભ લયો નરનારી;
એક વાર સહુ જય જય બોલો, રણછોડરાયની બલીહારી.

"કર્તાની-કલ્પના"

(કવ્વાલી-ગઝલ)

'પ્રભુનો ભક્તિ ગઢ બાધો'

વિચારો જગતના વાસી, ગળે ષટ શત્રુની ફાંસી;
મનુષ્યા દેહની ફરતો, પ્રભુનો ભકિત ગઢ બાંધો. વીચારે
કરાવે 'કામ' કુકૃત્યો, વળી 'ક્રોધે' કર્યા વૈરો,
અપાવે 'લોભ' કુ ધંધો, પ્રભુનો ભકિત ગઢ બાધો. વીચારે
ક્ષણીકના 'મોહ'મા મરતો, વળી 'મદ'મસ્ત થઇ ફરતો;
અહં 'મત્સર' કરે અંધો, પ્રભુનો ભકિત ગઢ બાધો. વીચારો
મહા શત્રુજ ષટ ભાઈ, મનુષ્યાદેહ ઘેરાઇ,
કરો એ શત્રુપર હલ્લો, પ્રભુનો ભકિત ગઢ બાધો વીચારો.
ધરી ઇશ ભક્તિનો ભાલો, સજોને ધર્મની ઢાલો.
ભરોને દીનદયા નાળો, પ્રભુનો ભકિત ગઢ બાધો. વીચારો.
બજાવો દ્રઢ મન્નનીરે, ચલાવો ધાર સમશીરે;
બની માયા તણા સ્વારો, પ્રભુનો ભકિત ગઢ બાંધો વીચારો.
સહુએ જ્ઞાન મન્ન ધરજો, નક્કી તે શત્રુવધ કરજો;
નિતી જય ધ્વજ ફરકાવો, પ્રભુનો ભકિત ગઢ બાધો. વીચારો.
કમાણી કંજુસો કરશે, પ્રમાર્થે પાઇ ના વરશે,
બને ધુળધાણી તો અંતે, પ્રભૂનો ભક્તિ ગઢ બાધો વીચારો.
મરી જાવું સહુ મેલી, ન આવે ઠાઠડી થેલી;
મુકે બાળી સગાઓ તો, પ્રભૂનો ભક્તિ ગઢ બાધો વીચારો.
પ્રભૂ વીણુ કોઇ નવ બેલી, કરૂ કેશવ અરજ છેલી;
કરો ઇશ ભક્તિનો ધંધો, પ્રભૂનો ભક્તિ ગઢ બાંધો. વીચારો.

કેશવ.